## પ્રકરણ : ૧૬

## ગાંધીવંદના તથા દલિતપ્રેમ

ગાંધીજીના જીવનકાર્યથી ગુજરાતી સાહિત્ય, વિશેષે કવિતાસાહિત્ય, ખૂબ પ્રભાવિત થયું છે અને એથી જ, ગુજરાતી કવિતાસાહિત્યમાં ગાંધીજી વિશે લખાયેલાં કાવ્યોની એક સળંગ પરંપરા જોવા મળે છે. ગુજરાતી કવિઓએ રાષ્ટ્રની આકાંક્ષાઓનું મૂર્તિમંત સ્વરૂપ ગાંધીજીમાં નિહાળ્યું છે. ગાંધીયુગનાં કવિએ સમગ્ર રાષ્ટ્રના એક ઉત્તમ પ્રતીકરૂપે ગાંધીજીને નિરખ્યા છે. વ્યક્તિ ગાંધીજી તથા ભારતરાષ્ટ્ર વચ્ચે એમણે અભેદ નિહાળ્યો છે. આવી પરિસ્થિતિમાં, ગાંધીજી વિશેનું કાવ્ય વાસ્તવમાં રાષ્ટ્રજીવનને સ્પર્શતું કાવ્ય બની રહે છે. ગાંધીજીના જીવનમાં વ્યક્તિગત તથા જાહેરજીવન એવા ભેદો નહોતા. ગાંધીજીનું જીવન, વ્યક્તિગત કહો કે જાહેર કહો, પ્રજાસમૂહના સમસ્ત વ્યવહાર સાથે વણાઇ ચૂક્યું હતું. એટલે, ગુજરાતનો કવિ જ્યારે ગાંધીજીની દાંડીયાત્રા વિશે કાવ્ય લખે છે ત્યારે ખરીરીતે તો સમગ્ર રાષ્ટ્રની આઝાદીના પથે થતી એક ઐતિહાસિક યાત્રા વિશે જ કાવ્ય લખી રહયો હોય છે. આ રીતે જોતાં, ગાંધીજી વિશેનું કાવ્ય એ રાષ્ટ્રીયઅસ્મિતાનું કાવ્ય જ બની રહે છે.

ગાંધીજીના ભારતીય મંચ ઉપરના આગમન પછી ગુજરાતમાં ગાંધીયુગ નામે ઓળખાતો ગજરાતી સાહિત્યનો એક મહાનયુગ બેઠો. એ યુગને પ્રજા-જીવનની વિશાળતા અને વિપુલતા સાથે સીધો સંબંધ છે. યોગ્ય જ કહેવાયું છે કે સાહિત્યના મહાન યુગો એ પ્રજાજીવનના વિપુલતાના યુગો હોય છે. ગાંધીજીના નેતૃત્વ નીચે જીવાતા ભારતીય જનજીવનમાં વેગ, પરાક્રમ અને સમુલ્લાસનું બળ ઊભરાતું હતું.[૧] એ જીવનચૈતન્યને ગાંધીયુગનો સાહિત્યકાર પોતાની ગજાસંપત પ્રમાણે વાઙ્મયશરીર અર્પવા મથતો હતો.

ગાંધીજીની મહત્તા સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે સમગ્ર પ્રજાને પુરુષાર્થરત બનાવવાની હતી. ગાંધીજીએ સ્વાતંત્ર્યલડતમાં, આમ અને ખાસના ભેદો મિટાવીને, સમસ્ત લોકસમુદાયને જોતર્યો. ગાંધીયુગમાં, શ્રી.મગનભાઇ દેસાઇ એ યથાર્થ બતાવ્યુ છે એમ, ભારતીય રાજકારણના જહાલ અને મવાલ પક્ષના બેઉ કાંટાનું સંમિલન શક્ય બન્યું હતું. "ગાંધીજી લોકમાન્ય પેઢીના તેમજ રાનડેગોખલે પેઢીના એકત્રિત પેઢીધર હતા." [2] ગાંધીજીએ સ્વરાજ્યપ્રાપ્તિ અર્થે શસ્ત્રાસ્ત્રનો પરંપરીણ હિંસામાર્ગ છોડીને પ્રજાની સમક્ષ શાંતિ-અહિંસાનો નવો માર્ગ ખુલ્લો મૂકયો. એમની રાજકીય પ્રવૃત્તિમાં રચનાત્મક માર્ગે દેશને તૈયાર કરવાનો જો સંકેત સમાયો હતો, તો એમની રચનાત્મક પ્રવૃત્તિમાં રાજકીય રીતે દેશને બેઠો કરવાની ક્ષમતા હતી. ગાંધીયુગમાં "રાષ્ટ્રની પ્રજાના સમસ્ત જીવનમાં નવો પ્રકાશ, નવી દૃષ્ટિ, નવો અર્થ, નવી સાર્થકતા, અને નવું સર્જન...પ્રગટ થાય છે." [3]

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાંથી ઇ.સં.૧૯૧૫માં ભારત આવ્યા. ૧૯૨૧માં ગાંધીજી એક રાષ્ટ્રનેતા તરીકે ભારતીય તખ્તા ઉપર સ્થાપિત થયા. પરંતુ ૧૯૨૧ પહેલાંય ગાંધીજીના વ્યક્તિત્વનું હીર પારખનાર પુરુષો આપણે ત્યાં હતા. ગાંધીજીના રાજકીય ગુરૂ ગોખલેએ ઇ.સ.૧૯૧૫ પહેલાં ગાંધીજી વિશે કહેલું કે આ માણસમાં હિંદની સંસ્કૃતિ તેની પૂર્ણ કળાએ પહોંચેલી છે." [4] "સ્પીચીઝ એન્ડ રાઇટીંગ્ઝ ઓફ તિલક"નો પરિચયલેખ ૧૯૧૮ની સાલમાં પોંડીચેરીમાંથી લખતી વેળાએ સ્વરાજ્ય સિધ્ધિનાં ઉજળાં એંધાણ માટેનું એક કારણ દર્શાવતાં શ્રી.અરવિંદે કહેલું: " Indeed the presence of three such personalities as Mr. Tilak, Mrs. Beasant and Mr. Gandhi at the head and in the heart of the present movement, should itself be a sure guarantee of success."5

ટિળક અને મીસીઝ બિસાંટ સાથે, ૧૯૧૮માં તો ભારતીય રાજકારણના એક નવાગંતુક સમા ગાંધીજી પણ શ્રી.અરવિંદની નજર બહાર રહ્યા નહોતા તે અહીં જોઇ શકાશે. ભારતને એના ઇતિહાસમાં સમયે સમયે ભિન્ન ભિન્ન ક્ષેત્રે મહાન પુરુષો પ્રાપ્ત થતા રહ્યા છે એ એની ખુશનસીબી ગણાય. શ્રી.અરવિંદે

બંકિમચંદ્ર વિશેના એમના સ્મરણીય નિબંધમાં ઉચિત જ કહ્યું છે: "The hero, the Rishi, the Saint, are the natural fruits of our Indian soil...." 6 ગાંધીજીમાં વીરનર અને સંતનાં વ્યક્તિત્વોનું સમન્વિતરૂપ જોવા મળે છે. ગાંધીજીના વ્યક્તિત્વનો પ્રભાવ મહામોહક હતો.

૧૯૩૦ સુધી તો ગુજરાત ગાંધીજીની પ્રત્યક્ષ કાર્યભૂમિ હતું. ગુજરાતી સાહિત્ય ઉપર એ કારણે ગાંધીજીનો નિકટનો પ્રભાવ પથરાયેલો હતો. એ વિશે શ્રી ઉમાશંકરે નોંધ્યું છે: "ગાંધીજી વિશ્વપુરૂષ છે, ભારત પુરુષ છે, પણ ગુજરાતના જીવનનો એમની સાથે પ્રત્યક્ષ સંબંધ હોઇ આપણા સાહિત્યમાં એમની અસર મર્મગામી હોય એ સ્વાભાવિક છે."૭

: ૨:

વીસમી સદીના બીજા દસકા પછી ગાંધીજીને કાવ્યવિષય બનાવતી કૃતિઓ વિપુલ પ્રમાણમાં મળે છે. પરંતુ એ પહેલાં ય એમને વિશે કેટલાંક સર્જનો થયાં છે. ગાંધીજીને બીજા બે રાષ્ટ્રનેતાઓ સાથે જો કોઇ પુસ્તક પહેલીવાર અર્પણ થયું હોય તો તે"હિંદની હાલત" :૧૯૦૪: છે. એના કર્તા પંડ્યા કૃપાશંકર ઝીણાભાઇ :અમરેલીવાળા:- એ છેક ૧૯૦૪માં નીચેની માન્યવર દત્તાત્રયસ્વરૂપી ત્રિમૂર્તિ"ને પોતાનું પુસ્તક અર્પણ કરેલું છે. :૧: શેઠ દાદાભાઇ નવરોજજી :૨: ઓનરેબલ સર પીરોજશાહ મહેતા :૩: શેઠ મોહનજી કરમચંદ ગાંધી :આફ્રિકા-જોહન્સબર્ગવાસી:. ગાંધીજીની પ્રતિભાના ઉગમકાળે જ આપણા ઘણાખરા કવિઓએ એને પારખીને કાવ્યવંદના અર્પણ કરી હતી.

પંડિત યુગના કવિઓમાં ગાંધીજીને પ્રથમ કાવ્યવિષય બનાવનાર લલિતજી હતા. "મનમોહન ગાંધીજીને" એ કાવ્યને "ગાંધીજીના પ્રથમ પરોક્ષ પરિચયે રચેલું પ્રથમ હિન્દી સત્કારગીત"- એ રીતે કવિએ ઓળખાવ્યું છે. ૮ એ ગીતની કેટલીક પંક્તિઓ આ પ્રમાણે છે:

"ગાંધી! તું હો સુકાની! સાચા હિન્દવાન!
હિંદની જિંદગી અમારી, અફળાતી, અસ્થિર, ન્યારી
તેને જોગવવા, હો સુકાની રે! સાચા હિંદવાન!" :"લલિત નો લલકાર" પૃ. ૧૦૩:

ભારતના રાજકીય ક્ષેત્રે ગાંધીજી સક્રિય બન્યા એ પહેલાં કવિ એમને ભારતના "કર્ણધાર" તરીકે જોઇ શક્યા તે કવિની દીર્ઘદૃષ્ટિ બતાવે છે. ગાંધીજીના જીવનકાર્ય તરીકે સત્યાગ્રહની ગણના, તથા શાંતિચાહના, વીરતા, નિર્ભયતા ઇ. ગુણોને ગાંધીજીના વ્યક્તિત્વ સાથે સાંકળવાની કવિ લલિતની વૃત્તિ પણ નોંધપાત્ર ગણી શકાય. ગાંધીજીને અન્ય કાવ્યોમાં લલિતે "ગરવા ગુર્જર ગાંધી", "સતના આશક", તથા મીઠા "મનમોહક મોર" તરીકે ઓળખાવ્યા છે.

ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડત વિશે પહેલું કાવ્ય "દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત અને તે પ્રત્યે આપણી ફરજ" "મણિકાન્તકાવ્યમાળા" :આ. ૩, ૧૯૧૬: ના લેખક "મણિકાન્ત :શંકરલાલ મગનલાલ પંડ્યા: -નું જોવા મળ્યું છે. વિદેશોમાં વસતા ભારતીયો માટે કવિએ રાષ્ટ્રીય બિરાદરીની ભાવના અનુભવી છે:

"સહે છે કષ્ટ આફ્રિકે, બિરાદર આપણા ખતે,
ખરેખર ! ટેક સાચવવા, ગયા કૈં કેદમાં અંતે.
...ઝળકતો હિંદનો હીરો, ગયો છે કેદમાં "ગાંધી",
થવા તે કાયદા સ્હામે, બરોબર બાકરી બાંધી." :પૃ. ૧૮૧-૧૮૨:

બહાદુર સત્યાગ્રહીઓના મુખે કવિએ નીચેની પંક્તિઓ મૂકી છે:

"અમારા સૈન્યનો નેતા, શૂરો સરદાર છે ગાંધી,
અમોએ ન્યાય મેળવવા કમર મજબૂત છે બાંધી!" :પૃ. ૧૮૫:

ગોખલે-ગાંધીની જોડી કવિનજરમાં આ રીતે વસી છે:

"અમે વ્યંજન બધા જોયા, નજર ગગ્ગા પરે સાંધી
સ્વદેશી કાર્યમાં સ્નેહે, શૂરા છે- ગોખલે, ગાંધી!
..."સ્વદેશી" બ્હેનના વ્હાલા, વીરા છે -ગોખલે, ગાંધી!" :પૃ. ૧૮૫-૧૮૬:

મણિકાન્તે પંચમ જ્યોર્જને ય એમના હિન્દ આગમનટાણે કાવ્યવિષય બનાવેલ છે. કવિ એક શ્વાસે ગાંધીજીનું અને બીજા શ્વાસે પંચમ જ્યોર્જનું નામ લઇ શકે છે. બ્રિટિશતાજ તરફ આપણી વફાદારી હજુ નષ્ટ નહોતી થઇ એનું એ

ચિહ્ન છે. ખુદ ગાંધીજીયે પ્રથમ વિશ્વયુધ્ધના લગભગ અંત સુધી બ્રિટિશરોની શુભ દાનતમાં શ્રધ્ધા ધરાવતા હતા.

"સ્રોતસ્વિની" :પ્ર.આ.૧૯૧૮:માં બોટાદકરે "સૌરાષ્ટ્ર"કાવ્યમાં ગાંધીજીનાં ગુણલક્ષણોની રજૂઆત આ રીતે કરી છે:

"સત્યાગ્રહી, અચલ,ઉજ્જ્વલ ને યશસ્વી,
સત્કર્મવીર, સુરતેજભર્યો, તપસ્વી,
ઘૂમી રહ્યો કમર વિશ્વહિતાર્થ બાંધી,
જેનો સુપુત્ર જનતાર્પિતદેહ ગાંધી." :"સ્રોતસ્વિની",૧૯૨૯, પૃ. ૮:

૧૯૧૯માં રાઉલેટ એકટ સામે સત્યાગ્રહ શરૂ થયો હતો. એ સમયના હિંદની મનોદશાનો વાસ્તવિક ચિતાર "ગાંધીજીને ચરણે" કાવ્યમાં ચંદ્રશંકર પંડયાએ આપ્યો છે. ચારે બાજુ નિરાશા વ્યાપી રહી હતી,"મિતવાદી થાકયા,ઉદ્દામો થાકયા,કોના ઉપાયો કામ ન લાગ્યા" :"ચંદ્રશંકરનાં કાવ્યો" પૃ.૧૩૩:, ત્યારે "ચરણે ગાંધીજીને શિર ઝૂકવીએ" એવા ભારતવાસીઓમાં પ્રગટ થયેલા મનોભાવનું ચંદ્રશંકરે વાસ્તવિક ચિત્ર આપ્યું છે. ગાંધીજી "મહાત્મા" તરીકે ઓળખાયા એ પહેલાં "કર્મવીર ગાંધી" તરીકે ઓળખાતા હતા. "સ્વદેશગીતાવલિ" :૧૯૧૯:માં કેશવ શેઠે કર્મવીર ગાંધીજી વિશે કાવ્ય રચ્યું છે. પ્રજાને ગાંધીજીનું કર્મવીરપણું મોડરેટોના "શબ્દશૂરા રાજકારણ"નો જ્યારે તાજો જ અનુભવ હતો ત્યારે, ખૂબ આકર્ષી ગયું હશે.

ગાંધીજીનું કાર્ય રાષ્ટ્રના સીમાડાઓને અતિક્રમતું હતું. ગાંધીજીની રાષ્ટ્રહિતની પ્રવૃત્તિમા વિશ્વહિત સંલગ્ન હતું, એ વાત આપણા કવિઓના ધ્યાનમાં ઘણી વહેલી વસી ગઇ હતી. ગાંધીજીએ રાષ્ટ્રહિત અને વિશ્વહિત વચ્ચે સુસંવાદ સ્થાપ્યો હતો. દેશળજી પરમારે એટલે સમુચિત રીતે જ ગાંધીજીને "એકાગ્રરાષ્ટ્રીપણ વિશ્વબંધુ" તરીકે ઓળખાવ્યા છે :"ઉત્તરાયન" પૃ.૧૧૫-૧૧૬: આવા દૃષ્ટિબિંદુને પરિણામે, ગુજરાતી કવિના રાષ્ટ્રવાદમાં ગાંધીયુગના આરંભથી જ આક્રમકતા કે ઉગ્રતાના ડંખને અવકાશ નહોતો રહ્યો.

ગાંધીજી વિશે લખાયેલાં કાવ્યોમાંની એક ઉત્તમ કૃતિ તે ન્હાનાલાલ કૃત "ગુજરાતનો તપસ્વી". ડોલનશૈલી મારફતે ય પ્રગટ થતી કવિની વિપુલ

સર્જનશક્તિનો એ કાવ્ય એક સારો નમૂનો છે. ભારતીય પ્રજાની આશાઓના પ્રતીક શા "લોકોધ્ધારક પ્રજાકલ્યાણક" ગાંધીજીની મહત્તા, ભારતમાંની એમની કારકિર્દીના આરંભમાં જ, કવિ પામી ગયા હતા એની પ્રતીતિ પ્રસ્તુત સ્તોત્રકાવ્ય કરાવે છે. અખિલભારતીયક્ષેત્રે ગાંધીજીની પ્રતિભાના આરંભિક ચમકારા હજુ તો થતા હતા, ત્યાં જ ગાંધીજીને એક યુગપુરૂષને છાજે એવો અર્ધ્ય ન્હાનાલાલે આપ્યો છે:

"એ કિરણ છે મહાસૂર્યનું,
...જીવનાદેશ શોધવામાં બ્રહ્મર્ષિ,
રણ ખેલનામાં સુભટ ક્ષત્રિયવીર,
નીતિમન્ત્રણામાં સુજ્ઞ વૈશ્યવર,
લોક સેવાભાવમાં પરમ શૂદ્ર:
... દુખિયાનો બેલી ને વિસામો,
દાઝયાંના અન્તરનો આરામ...": પૃ. ૧૨૭, "ચિત્રદર્શનો", ૧૯૨૧:

કવિના મતે, ભારતીય પ્રજાની ભૂતકાળની ભૂલો અને નિર્બળતાઓનું પૂરું પ્રાયશ્ચિત્ત થયા વિના સ્વાતંત્ર્યનું સ્વાર તથી ઊગવાનું. એ "પ્રાયશ્ચિત યુગ"માં સંયમ, આત્મશક્તિ, ~~સદાચ~~ સદાચરણ તથા શસ્ત્રસામર્થ્ય નહિ પણ આત્મ-સામર્થ્યની ઉપાસના પ્રજાજનો કરશે - તપના માર્ગે રાષ્ટ્ર વિચરશે તો જ એનું ઇષ્ટ થવાનું છે એવી કવિશ્રધ્ધા "ગુજરાતનો તપસ્વી"માં પ્રગટ થયેલી છે.[૯]

ગાંધીજીની પચાસમી વર્ષગાંઠે રચાયેલી ખબરદારની કૃતિ "મહાત્મા ગાંધીને ચરણે" :"સંદેશિકા", ૧૯૨૫, પૃ. ૯૩: ન્હાનાલાલના ઉપર્યુકત પ્રસિધ્ધ-કાવ્યની યાદ આપે છે, પણ ન્હાનાલાલના કાવ્યની ~~[illegible]~~ કોટિએ ખબરદારની કૃતિ પહોંચી શકતી નથી. ખબરદારે ગાંધીજી વિશે લખેલાં અન્ય કાવ્યોમાં ગાંધીજી પ્રત્યેની કવિની ભાવભક્તિ દેખાય છે. એનાં કેટલાંક ઉદાહરણો નોંધીએ:

"પહાડના પહાણા પીગળે ને ઊતરે અમૃતની ધાર,
હૈયે ટકોરા મારતો ચાલ્યો આત્મસમર સરદાર! :"રાષ્ટ્રિકા" પૃ. ૮૦:

\+ \+ \+

"અંધારાના ગઢ ભેદીને આવ્યું એક કિરણ અણમોલ
રણની ધગધગતી રેતીમાં ફૂટયું અમીઝરણું રસલોલ." : "રાષ્ટ્રિકા"
પૃ. ૮૦:

"ગાંધી સંતસુજાણ"ના ભારતીય જનજીવન ઉપર પડેલા પ્રભાવને કવિએ પ્રેરક વાણીમાં વર્ણવ્યો છે:

"હાલ્યા ચેતન મૃત મટ્ટીમાં, ફાલ્યાં જડહૃદયેથી ફૂલ,
હિમગઢલેથી ભડકા ઊઠયા, ઝબકી સોનારજની ધૂળ." : "રાષ્ટ્રિકા"
પૃ. ૮૩:

ગાંધીજીની પ્રતિભાનું આલંબન લઇને રાષ્ટ્રીયચેતનનાં વિવિધ સ્ફુરણોનું આલેખન કરવાનો કવિનો ઉપક્રમ જણાય છે.[10]

હવે ગાંધીયુગનાં ગાંધીવંદનાનાં કાવ્યોને અવલોકીએ: ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા કેટલાક નવકવિઓને ગાંધીજીનો પ્રભાવ પ્રત્યક્ષ રીતે અનુભવવા મળ્યો હતો. ગાંધીજી જાણે કે બુધ્ધ ઇશુ જેવું અવતારકાર્ય કરવા જન્મ્યા હોય એવા પૂજ્યભાવથી ગાંધીજીની સકલ પ્રવૃત્તિઓને એમણે નીરખી હતી. એ નવકવિઓના ગાંધીવિષયક કાવ્યો વાંચતી વેળાએ ગાંધીજી માનવ મટીને જાણે કે પયગંબરની કોટિમા મૂકાતા હોય એવું લાગે છે. એમાંથી એક મર્યાદા એ જન્મી કે ગુજરાતી કવિતામાં માનવ ગાંધીજીનું ચિત્ર મળતું લગભગ બંધ થયું. ગાંધીજી મહાત્મારૂપે જ પ્રતિબિંબિત થવા લાગ્યા. પયગંબર, રાષ્ટ્રજીવનમાં મહાન ચમત્કારોના સર્જક તથા જગતના બધા જ રોગદોગનો નાશ કરવાનો ઇલમ ધરાવનાર જાદુગરરૂપે ગાંધીજીનું નિરૂપણ કરવાનું ગુજરાતી કવિને એકંદરે વધુ અનુકૂળ આવ્યું લાગે છે.

ગાંધીયુગના શિષ્ટકવિઓમાં ગાંધીજી વિશે પહેલું કાવ્ય "અવતાર" :૧૯૨૧: લખનાર "સ્નેહરશ્મિ" છે. "અડગ અને અણનમ આશાવાદ ભર્યા, એક ધ્યેયવાળા પૂ.ગાંધીજીની સૌમ્ય, ગંભીર, દૃઢનિશ્ચયી..."મૂર્તિ ૧૯૨૦ પછીના ગાળાના યુવાન કવિઓના માનસ પર ઊંડી અસર કરી ગઇ છે. :"અર્ધ્ય", પૃ.૧૯૭: ગાંધીજીને તોફાનમાં ય સ્થિર રહેનારા "નાખુદા"રૂપે સ્નેહરશ્મિએ જોયા છે. બીજા એક કાવ્યમાં ત્રીસ કોટિ નર-નારની નાવના ધ્રુવના સિતારા જેવા "કર્ણધાર" રૂપે વિકટકાર્ય બજાવતા ગાંધીજીને કવિ નિહાળે છે.

નાખૂદા, કર્ણધાર, "હિંસા-ભ્રમિત જગમાં" એક "દીપદાંડી", વિશ્વનાં ઝેર ઘોળીને પી જતો "શાન્ત નિર્વૈર યોગી", જીવનની સંધ્યાએ વિશ્રાન્તિનો પૂરો અધિકાર હોય ત્યારે પણ "સમરભૂમિની ભીષણતા" માટે હરકોઇ ઘડીએ તૈયાર રહેતો ક્ષત્રિય, એમ જુજવે સ્વરૂપે કવિ ગાંધીજીને જુએ છે, એ ઘટના જ ગાંધીજીની પ્રતિભાઅંગુલિ કવિની હૃદયતંત્રીને કેવી સ્પર્શી ગઇ છે તે દર્શાવે છે.

"યુગનર" ગાંધીનું આકર્ષણ અન્ય કવિઓની જેમ મેઘાણીએ પણ અનુભવ્યું છે. ગાંધીજીના વિવિધ મનોભાવોનું ગાંધીજીના ચિત્તમાં ચાલતી મથામણોનું આલેખન કરવામાં મેઘાણીની કવિ તરીકેની વિશેષતા નિહાળી શકાય. ગાંધીજીના જુદા જુદા જીવનપ્રસંગોને અનુલક્ષાયેલાં "યુગવંદના"નાં કાવ્યો આ પ્રમાણે છે: "પરાજિતનું ગાન", "અંતરની આહ", "છેલ્લો કટોરો", "માતા, તારો બેટડો આવે", "છેલ્લી સલામ", ગાંધીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપવા ૧૯૩૧ માં ઈંગ્લાંડ જતા હતા ત્યારે રચાયેલું "છેલ્લો કટોરો" એક પ્રસિધ્ધ કાવ્ય છે. એમાં ગાંધીજીના વ્યક્તિત્વને કલમના એકાદ બે લસરકે કવિ સાકાર કરી શક્યા છે. ગાંધીજીને કવિ "સૌમ્ય-રૌદ્ર!કરાલ કોમલ" કહે છે, "જ્વાલામુખી એને કાળજે રે, એની આંખમાં અમૃતધાર". કવિએ જાણે પરચિત્ત પ્રવેશના ઇલમથી "અણખૂટ વિશ્વાસે" જીવન જીવનારા ગાંધીજીના એ સમયના મનોભાવોને શબ્દબધ્ધ કર્યાં છે: "કાપે ભલે ગર્દન રિપુ-મન માપવું, બાપુ!" :"યુગવંદના" પૃ. ૩૭: બ્રિટિશસરકારે કોમીચૂકાદો આપ્યો ત્યારે ગાંધીજીએ પૂનાની યરોડા જેલમાં અનશનવ્રત લીધું એ સમયે :૧૯૩૧: મેઘાણીએ "છેલ્લી સલામ" રચ્યું. એક જ વિભૂતિનાં મહાન કાર્યો વિશે રચાયેલાં એક જ કવિનાં જુદાં જુદાં કાવ્યોની ગુણવત્તામાં ઉચ્ચાવચતા હોઇ શકે તે પ્રસ્તુત કૃતિ ઉપરથી સમજાય છે. "છેલ્લો કટોરો" ની સરખામણીએ ઊતરતી કોટિના આ કાવ્યને વાંચીને ગાંધીજીએ મેઘાણીને સૂક્ષ્મ કાવ્યમર્મજ્ઞતાપૂર્વક લખેલું: "કવિતા સમજવાની મારી શક્તિ નહિ જેવી છે, પણ તમે મને ગોળમેજીમાં જતી વખતે જે પ્રસાદી મોકલેલી તે મને બહુ ગમેલી, તેની જોડે હું આને મૂકી શકતો નથી." :"યુગવંદના", પૃ. ૧૯૩:

શ્રીધરાણીના "કોડિયાં" ની રાષ્ટ્રપ્રેમની કવિતામાં અર્ધા જેટલી કવિતા તો ગાંધીજી વિશે છે, એ દર્શાવે છે કે કવિની રાષ્ટ્રભક્તિનું મૂળ ગાંધીજી પ્રત્યેના એમના આદરભાવમાં રહેલું છે... દાંડીકૂચ સમયે ગાંધીજીએ કરેલા મહાભિનિષ્ક્રમણ વિષે "મોહનપગલાં" નામે સાત સોનેટોનું એક સુંદર ગુચ્છ શ્રીધરાણીએ રચેલું છે. ભારતમાતાની વેદનાના મૂર્તિમંત પ્રતીકરૂપે - "માતાનાં એ ઝળહળ થતાં આંસુ"ના રૂપે કવિએ ગાંધીજીને નિહાળ્યા છે. :સરખાવો: "બન્યાં ગાંધીરૂપે પ્રગટ ધરતીનાં રુદન સૌ" - સુન્દરમ, કાવ્યમંગલા": ગાંધીજીના પારસસ્પર્શે "ચોટે, ચોરે, પુર, નગરમાં, ગામડે, લોક જાગ્યાં."

સાબરમતી આશ્રમમાં ઉપાસના સ્થળે, જીવડું મરે તોય જેનો જીવ કંપી રહે એવા ગાંધી "વિતાનને ભરી દેતી" વીરહાક કરે છે:

"~~સ્વતંત્ર~~
"સ્વતંત્રતાતણા સુયજ્ઞમાં કરોડ છો બળે
જવાનડા દૂધેભર્યાં, રૂંવાડું એક ના ફરે:
અને ભલે મહાન વજ્રપાત આવીને પડે." :"કોડિયાં", પૃ. ૧૬૪

ગાંધીજી સંકલ્પ જાહેર કરે છે:

"પ્રભુ કરે, પણું કાલ પ્રભાતમાં !
મરદ સર્વ પળે મુજ સાથમાં !" :"કોડિયાં"પૃ. ૧૬૫:

ગાંધીજીના કુસુમકોમળ તથા પ્રસંગ પડયે વજ્ર જેવા કઠોર બનતા વ્યક્તિત્વને કવિએ નાટયાત્મક પધ્ધતિએ મૂર્તિમંત કરેલું છે.

રાષ્ટ્રને સ્વાતંત્ર્યપ્રાપ્તિ વિનવણીઓ, તર્કયુક્ત દલીલો કે વાગ્મિતા-યુક્ત પ્રવચનો વ્દારા નથી નથી.[૧૧] સ્વતંત્ર થવાની રાષ્ટ્રની અચલ સંકલ્પશક્તિ જ્યારે જીવસટોસટનો ખેલ ખેલી રહે ત્યારે સ્વાતંત્ર્યની અરુણિમા-નાં દર્શન શક્ય બને, એ સત્ય ગાંધીજીએ પ્રજાને સમજાવ્યું. ગાંધીજીએ પ્રજાના સ્વાતંત્ર્યપ્રાપ્તિના સંકલ્પને દૃઢ બનમવ્યો. એક બાજુથી પ્રજામાં કૃતનિશ્ચયી-પણાની લાગણી એમણે જાગૃત કરી તો બીજી બાજુથી પોતાના આચાર વ્દારા એ કૃતનિશ્ચયીપણાને સાકાર કરી બતાવ્યું. અહીં, લોકમાન્ય ટિળકની નેતાગીરીના સંદર્ભમાં શ્રી અરવિંદે કહેલા શબ્દો ગાંધીજી માટે પણ

સાચા જણાય છે: ".... a democratic politician .... one who can both awaken the spirit of the mass and respond to their spirit."12 ગાંધીજીએ લોકજાગૃતિને એક બાજુથી પ્રેરી તો બીજી બાજુથી એ જાગૃતિના આદર્શવાહક પણ એ બની રહ્યા, એવી છાપ ગાંધીજીવિષયક ગુજરાતી કવિતા પાડી જાય છે.

કવિ સુન્દરમે બુધ્ધ, ઇશુ તથા ગાંધીની એક ત્રિમૂર્તિ નિહાળી છે. ગાંધીજીના જીવનદર્શનને સુન્દરમે અનન્યસુંદર વાચા આ રીતે આપી છે:

"હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં,
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી." :"કાવ્ય-મંગલા", પૃ. ૧૮:

અહીં ઉમાશંકરની ગાંધીજીની જીવનદૃષ્ટિને અનુલક્ષાયેલી પંક્તિ "તું પાપ સાથે નવ પાપી મારતો" યાદ આવે છે.

જગતનાં સમસ્ત દુરિતો સામે, પૂર્વ પશ્ચિમના ભેદો મિટાવીને લડતાં વિશ્વમાનવીનાં દર્શન કવિ ઉમાશંકરને ગાંધીજીમાં થયાં છે.

"તમે તો પૂર્વના છો ના, કે છો પશ્ચિમનાય ના,
અહિંસા,સત્ય ને પ્રેમ થોડાં છે કોઇ એકનાં?" :"વિશ્વશાંતિ" ૩૪

ગાંધીજીએ આપણા કવિઓની દૃષ્ટિક્ષિતિજનો વિસ્તાર સિધ્ધ કરી આપ્યો છે. એમને વિશ્વમાંગલ્યની પ્રેરણા પણ આપી છે.

કદી વાચાની કોમલમંજરી વેરતા, તો કદી કરાલી રણખંજરી બજાવતા ગાંધી, સ્થિતપ્રજ્ઞ ગાંધી, દિવ્ય ક્રાંતિના સર્જક ગાંધી, યુગનાયક ગાંધી, એમ ગાંધીજીને વિવિધ સ્વરૂપે નિહાળીને એમને ચરણે પ્રશંસાંજલિઓ ધરતા ગુજરાતી કવિઓ થાકયા નથી:

"પિતા છો દિવ્ય ક્રાંતિના, વિરાટ નવયુગના,
ને છો માતા, અહિંસાની ગોદે જગલપેટતા" (*) :"વિશ્વશાંતિ" ૧૬:

ચારેકોરે "વિમલ પ્રાણરેલત ક્રાન્તિ" જગવનાર ગાંધીજી માટે ઉમાશંકરે "વિશ્વશાંતિ"માં યુવાનહૃદય સહજ ભાવોદ્ગારો કાઢયા છે.

શ્રી કરસનદાસ માણેકનું "કલ્યાણયાત્રી" ઉમાશંકરના "વિશ્વશાંતિ"માં

(*) એ "દિવ્યક્રાન્તિ"ને કેશવ હ. શેઠ "કેસરિયાં":૧૯૩૦:માં આ રીતે વર્ણવી છે:
"અનોખું આર્ય સંસ્કૃતિશુધ્ધ-
અનાયુધ મોહનવરનું યુધ્ધ!"

થયેલા ગાંધીજીના પ્રતિભાનિરૂપણનું સ્મરણ પ્રેરે છે. ગાંધીજી તરફની બન્ને કવિઓની દૃષ્ટિ મુગ્ધપ્રશંસકોની છે. કલ્યાણયાત્રી ગાંધીજીના યુગકાર્યમાં માણેકને ઊંડી શ્રધ્ધા છે. કવિને ભારતવર્ષની જિજીવિષા ગાંધીજીમાં પૂર્ણપણે મૂર્ત થયેલી દેખાય છે. માણેકને ભારતનો આત્મા ગાંધીજીરૂપે વિહરી રહેલો પ્રતીત થયો છે.[13] "કલ્યાણયાત્રી"માં ગાંધીજીની જીવનસાધના વિશેનું કવિનું ચિંતન વૈશ્વિક પરિસ્થિતિના સંદર્ભમાં રજૂ થયેલું છે.

"કલ્યાણયાત્રી" :૧૯૪૫: લખાયા પછી થોડાં જ વર્ષે ગાંધીજીને આપણે ગુમાવ્યા. ગાંધીજીના કાર્યથી કવિઓને ભલે જગતમાં સત્ય ન્યાય પ્રેમ મમતા આદિનો પ્રાદુર્ભાવ થયેલો દેખાતો હોય, પણ એ ભાવનાશીલતાથી જગતની ક્રૂર વાસ્તવિકતા જૂદી જ તરેહની જણાય છે. પરંતુ એથી, "વાવિયાં પ્રેમનાં બીજો ઊગવાનાં જ એક દિ"!" એવી શ્રધ્ધા, કે પછી માનવજાતિનું ચિરંતન કલ્યાણ ગાંધીજીના સુધાસંદેશના અનુસરણમાં રહ્યું છે એવું મંગલ દૃષ્ટિબિંદુ ધરાવવાનો કવિનો અધિકાર છિનવી શકાય નહિ.

જગસ્રષ્ટાનું વર્ણન કરતી વખતે પ્રાચીન કાળના કવિઓ જેવી ઉપમાઓ પ્રયોજતા હતા લગભગ તેવીજ ઉપમાઓ માણેકે ગાંધીપ્રશસ્તિ કરતી વેળાએ યોજી છે:+

"ધરા શા ધીરગંભીર, વ્યોમ શા વિપુલાત્મ છો,
ઊંડાણે ઉદધિ જેવા, તેજ શા શુધ્ધ છો તમે." :પૃ. ૪:

સ્રષ્ટાની શ્રધ્ધા, જનેતાની સહિષ્ણુતા, મૃત્યુની વીરતા તથા આનન્ત્યની સ્વસ્થતા લઇને આસુરીશકિતઓના વા-વંટોળમાં જનમાંગલ્યના જાપ જપતા ગાંધીજીનું ચિત્ર કવિએ ભક્તિભાવપૂર્વક દોર્યું છે. "કલ્યાણયાત્રી" બીજા વિશ્વયુધ્ધના ધ્વંસક અનુભવ પછી લખાયેલું કાવ્ય છે. યુધ્ધ પૂરું થયું હતું, પણ એની કાલિમા નષ્ટ નહોતી થઇ. એવા અંધકારઘેર્યા વાતાવરણ વચ્ચે કવિએ ગાંધીજીને આશાદીપ તરીકે જોયા છે:

"મહાસંહારથી ત્રાસ્યાં જગની એક આશ છો,
અન્ધારે પન્થભૂલેલી પૃથ્વી કેરા પ્રકાશ છો!
સ્વપ્ન છો નિદ્રિતો કેરૂં, બધ્ધોનું મુક્તિગાન છો,
ઝુઝતા જાડયજૂથો શું સ્રષ્ટાનું અભિમાન છો!" :પૃ. ૧૦:

+હરિહર પ્રા. ભટ્ટના ગાંધીકાવ્યસંગ્રહ"માં મૂકાયેલા એક કાવ્યમાં ગાંધીજીને ઇશ્વરસમકક્ષજ ગણવામાં આવ્યા છે, તે પ્રસ્તુત કાવ્યની આગળ ઉપર ટાંકેલી પંક્તિઓમાંથી સમજાશે.

પ્રૌઢ ગંભીર વાણીમાં "કલ્યાણયાત્રી"માં અપાયો છે એવો પ્રેમ અને પૂજ્યભાવસભર કાવ્યઅર્ધ્ય ગુજરાતી કવિતામાં અન્યત્ર ગાંધીજીને ચરણે ભાગ્યે જ ધરાયો હશે. "કલ્યાણયાત્રી"ની નજીક પહોંચી શકે એવી કવિતા શ્રીધરાણી તથા ઉમાશંકર પાસેથી મળે છે:

ગાંધીયુગનો ભાગ્યે જ એવો કોઇ કવિ હશે જેણે ગાંધીજી વિશે કવિતા રચી ન હોય. "શબમાં સંજીવની" પ્રગટાવનાર તથા ભારતની સ્વાતંત્ર્ય-અભીપ્સાને પ્રદીપ્ત કરનાર "સતગુરુ" ગાંધીજી વિશે મનસુખલાલ ઝવેરીએ "અનુભૂતિ"માં "ઊઠો!", "શબમાં સંજીવની પ્રકટી", "રહું છું તે કોને?" જેવાં કાવ્યો રચ્યાં છે. ગાંધીજીને કવિએ વસુંધરાના એક માત્ર રત્ન તરીકે બિરદાવ્યા છે:

"બહુરત્ના હશે પૂર્વે, થશે ક્યારેક ભાવિમાં,
પરંતુ આજ તો દિસે એકરત્ના વસુંધરા" :"અભિસાર" પૃ. ૬૧:

જીવનના સર્વક્ષેત્રને ચેતનવંત કરનાર ગાંધીજી જેવો અન્ય રાષ્ટ્રનેતા એ યુગમાં નહોતો એ કારણે પણ કવિહૃદયની સમગ્ર વંદના ગાંધીચરણે ઢળે તે સ્વાભાવિક છે.

સુંદરજી બેટાઇએ સુંદરમ્-ઉમાશંકરની જેમ ગાંધીજીની જીવનદ્રષ્ટિને સૂત્રાત્મક વાણીમાં રજૂ કરી છે:

"ન તોય પ્રતિકારવો કદિય ઘાવને ઘા થકી,
દઇ અરવી પ્રાણ, ને પરમ પ્રાણ પેટાવવો." :"ઇન્દ્રધનુ", પૃ. ૪૨:

"આ અહિંસક વિજિગીષણા- જેમાં કોઇને મારવાનું નથી, પણ જાતેજ જ સહન કરવાનું છે, તે આત્મસમર્પણની વૃત્તિ... વિશ્વબંધુત્વ અને યુધ્ધવિરોધ: આ બધી ભાવનાઓ ગાંધીયુગનાં કાવ્યોમાં મૂર્ત થયેલ છે."[૧૪]

"ઊભો, ભડભડી રહી, અનમ, ઉગ્ર હિંસા વિશે, :"ઇન્દ્રધનુ"પૃ. ૪૨:
"ધૂમતી ઘોર ઝંઝાઓ વચ્ચે યે ન ડગી ધૃતિ!" :"વિશેષાંજલિ" પૃ. ૯૫:

બેટાઇનાં ગાંધીજી વિશેનાં આવાં પ્રશસ્તિવચનો - પતિતતણા પયગંબર, દલિત અને દળનાર ઉભયના ઉધ્ધારક, ભીતિભર્યાં અંતરમાં અભયતણા પ્રોત્સાહક, હિંસાની વિધ્વંસક જ્વાલાના પરિશામક, આત્મતન્ત્ર અધિનાયક, ભારતમાં

સતતવાહી બનેલી જાગૃતિના જનક :"વિશેષાંજલિ", ૯૨-૯૪: - ગાંધીવંદના-ની સમગ્ર કવિતાના સંદર્ભમાં જોતાં એકસૂરીલા લાગવાનો સંભવ છે. ગાંધીજીના પ્રતિભાશાળી વ્યકિતત્વથી ગાંધીયુગના યુવાન કવિઓની દષ્ટિ અત્યંત અંજાઇ ગયેલી જણાય છે. એમને મન હિંદની જાગૃતિના ઇતિહાસનું વર્ષ પહેલું ગાંધીજીના અસહકારના આંદોલન પછી - ૧૯૨૦ પછી જ જાણે કે શરૂ થાય છે. ગાંધીજીથી એ કવિઓ સમયની દષ્ટિએ એટલા નિકટ હતા, વળી "સંત"ગાંધી-થી એટલા બધા આકર્ષાયા હતા કે ગાંધીજીની સમગ્ર પ્રવૃત્તિનું તટસ્થ તાત્ત્વિક અન્વેષણ કરવાનું તથા ગાંધીજીના રાજકીય તથા રચનાત્મક કાર્યક્રમને બુધ્ધિની સરાણે કસી જોવાનું એમના માટે અશક્યવત્ હતું. કેટલીકવાર એમનાં કાવ્યોમાં ગાંધીજી પ્રત્યેની સંયમિત વંદના-અર્ચના કરતાં "ભાવભગતિ" વિશેષ વરતાય છે તે આ કારણે. ગાંધીવાદના તથા ગાધીજીના નેતૃત્વ નીચે લડાતી આઝાદીની લડતના રંગે એ કવિઓ પૂરેપૂરા રંગાયા હતા. એ કવિઓ પ્રવાહપતિત અવસ્થામાં હતા. એમના માટે એ પ્રવાહથી ઉફરા જઇને, સમયના અમુક અંતરે જ શક્ય બનતું, ગાંધીજીનું દર્શન કરાવવાનું ભાગ્યે જ શક્ય હતું. વળી એ પ્રકારનું દર્શન કરાવવાનું ગાંધીવંદનાનાં કાવ્યોનાં પ્રદેશની બહાર પણ ગણાયું હશે.

ગાંધીજી વિશે રચાયેલાં કાવ્યોનું એક સારું સંપાદન સ્નેહરશ્મિ તથા ઉમાશંકરે "ગાંધી-કાવ્યસંગ્રહ" :૧૯૩૭: નામે તૈયાર કર્યું છે.[૧૫] ગાંધીજી વિશેનાં ગાંધીયુગના મુખ્ય કવિઓનાં કાવ્યો એમા મૂકાયાં છે. પ્રસિધ્ધ કવિઓનાં પ્રસ્તુત સંગ્રહમાં મૂકાયેલાં ગાધીવિષયક કાવ્યો સાથે, કવિ તરીકે ઓછા પ્રસિધ્ધ હરિહર પ્રા. ભટ્ટની "એ ભવ્ય ડોસો" તથા "દાંડીયાત્રા" (:"કાવ્યલહરી" ૧૯૫૫:)ના સર્જક તનસૂખ ભટ્ટની "બાપુનું નામ" નામક કૃતિઓ અનુક્રમે ધ્યાન ખેંચે છે:

"આવો ઓ કવિવરો, દિવ્ય ગાયકગણો, સૌ કલાના કલાકાર આવો,
કે સૈકા લગી તમ કલા કાજ કો ઇશ વિણ નહિ મળે વિષય આવો!"
:"એ ભવ્ય ડોસો":

+ +

"મને વ્હાલું બાપુ કેરું નામ છે,
એને રૂદિયે રઘુપતિ રામ છે." :બાળકોમાં પ્રિય બનેલી કૃતિ "બાપુનું નામ"

"ગાંધીકાવ્ય સંગ્રહ"ના સંપાદકીયમાં, ગાંધીજી વિષયક કાવ્યોના સંદર્ભમાં સાચી જણાય એવી બે નિખાલસ કબૂલાતો કરાયેલી છે: ૧. "પ્રશસ્તિકાવ્યની ઉત્તમ કવિતા પ્રકારમાં ગણના થતી નથી." ૨. "ઐતિહાસિક ઘટનાઓનું તાત્વિક અન્વેષણ કે રસાત્મક નિરૂપણ સમકાલીનોને હાથે યથાર્થ થાય એ સર્વથા અસંભવિત નહિ તોયે દુષ્કર તો છે જ."

ગાંધીજીની રાજકીય પ્રવૃત્તિ માટે બળવંતરાય ઠાકોરને આરંભમાં સમભાવ નહોતો. ઠાકોરની કવિ તરીકેની ઉત્તર કારકિર્દીમાં લખાયેલાં "ગાંધીજીની પાકિસ્તાને ચઢાઇ", "ગાંધીજીની શહીદી" જેવાં કાવ્યોમાં, વચનમાં નહિ પણ સક્રિય બંધુતા ભીખતાં, "વૈરી તણો યે હિલોજાં", ગાંધીજીના જીવનકાર્ય માટે એમની વધતી સહાનુભૂતિ દેખાય છે. ગાંધીજીને ઠાકોરે ભારતરૂપી જોગિંદરના "નેણ તૃતીયતણો તણખો" કહેલ છે.

દેશની આઝાદી તો આવી, પણ દેશના અંગવિચ્છેદની વેદના સાથે એ આવી. આઝાદીપ્રાપ્તિના સમયે ભભૂકેલી કોમી રમખાણોની આગને "બંધુતા કવચ" ધારણ કરીને નિર્ભયતાપૂર્વક બૂઝાવવા મથતા તથા "મારે માટે સાબરમતી દૂર છે, નોઆખલી નજીક" એવું રટણ કરતા ગાંધીજીનું ઠાકોરે સમભાવયુકત ચિત્ર આલેખ્યું છે.

"ગંગોત્રી"માં ઉમાશંકરે આશા વ્યકત કરેલી કે ઇશુ જેવી હાલત ગાંધીની નહિ થાય. મહાપુરુષો જોડે કેટલીકવાર કરાતો અવળો વ્યવહાર ગાંધીજી જોડે નહિ કરવામાં આવે. જગજનોને કવિ પૂછે છે:

".......................જગજનો!
રિબાવી સંતોનાં હૃદય, કુરબાનીની પછીથી
તમે ગાશો ગાથા, રમત ક્રૂર એવી શીદ રમો?"

ગાંધીજી વિશે ૧૯૩૨મા લખાયેલ "પળે પાછો"માં શ્રીધરાણીએ એવો જ પ્રશ્ન પૂછયો હતો:

"યુગે યુગે એક અલૌકિકાત્મા,
આ વિશ્વના યજ્ઞમહીં ધરાશે?" :"કોડિયાં", પૃ. ૧૪૧:

કવિને શ્રધ્ધા છે કે ઇશુના વધ પછી તો માનવજાતિએ ઘણી પ્રગતિ સાધી છે:

"નકી નકી માનવી સર્વ જાગ્યા,

ન ગાંધીને મારણ-ગોળી આપશે." :"કોડિયાં"પૃ. ૧૪૨:

પરંતુ ઉમાશંકર-શ્રીધરાણીની એ આશા ફલવતી બની નથી. ગાંધીજીની શહાદત અંતે થઇ જ. એ શહાદત વિશે "આઠમું દિલ્હી"માં શ્રીધરાણી કહે છે: "અહીં મર્યાં ગાંધી કે જેનાથી જીવે ભારતવર્ષ" :"કોડિયાં" પૃ. ૧૫: ભારતને બંધુતાના પાઠો ભણાવવા માટે ગાંધીને મરવું પડે એ વિધિનો કરુણ કટાક્ષ જ કહેવાય. ગાંધીજીના મૃત્યુના આઘાતે પ્રેરેલા શોકના ભાવને રજૂ કરતાં કેટલાંક કાવ્યો રચાયાં છે. ઉદાહરણ તરીકે: ગાંધીજીનું જીવન તેમજ મૃત્યુ, ઉભય, "વિજય માનવ્યનો" છે એવો ભાવ રજૂ કરતું મનસુખલાલનું "અનુભૂતિ"-માંનું કાવ્ય, "વસંતવર્ષા"માંનું ઉમાશંકરનું "રડો ન મુજ મૃત્યુને", "પરિક્રમા"-નું બાલમુકુંદ દવેનું કાવ્ય "હરિનો હંસલો" વગેરે.+ ગાંધીજીનું મૃત્યુ મનુષ્ય-જાતિ ઉપરનું એક કલંક છે. એ મૃત્યુથી પ્રજાજીવન અત્યંત દીન બન્યું છે, એવા ભાવને ઉમાશંકરે ચમત્કારક વાચા આપી છે:

"અમે ન રડીએ પિતા, મરણ આપનું પાવન,

કલંકમય દૈન્યનું નિજ રડી રહયા જીવન." :"વસંતવર્ષા": પૃ. ૧૪૧:

ગાંધીજીના મૃત્યુએ પ્રેરેલી વેદનાને બાલમુકુંદે લોકગીતના ઢાળમાં વેધકરીતે રજૂ કરી છે:

"કોણે રે દૂભ્યો ને કોણે વીંધિયો?

કલંકીએ કોણે કીધો ઘા?

...રુધિરે રંગાયો હરિનો હંસલો!" :"પરિક્રમા", પૃ. ૧૧૭:

ગાંધીજીના મૃત્યુ પછીનાં વર્ષોમાં ગાંધીજીએ જીવી બતાવેલા કેટલાક આદર્શોને એક પ્રજા તરીકે આપણે વિસરતા જઇએ છીએ, એ આદર્શોને ઊંડે ધરબી દઇને ઉપર પુષ્પ બિછાતવાળી રૂડી સમાધિ રચી દઇએ છીએ એની વેદનાનો સણકો અનુસ્વાતંત્ર્યકાળની કવિતામાં ઘણી વખત અનુભવાય છે. હસમુખ પાઠકે "રાજઘાટ પર" નામે અર્ધમુક્તકમાં વેદનાના એ સણકાનો દાહક તથા મર્મગામી કટાક્ષદ્વારા ઇશારો આપ્યો છે:

"આટલાં ફૂલો નીચે ને આટલો લાંબો સમય

ગાંધી કદી સૂતો ન'તો - " :"નમેલી સાંજ", પૃ. ૨૦:

---

+શ્રી મીનુ દેસાઇએ "બાપુ": ૧૯૪૮: નામે કરુણપ્રશસ્તિકાવ્ય રચ્યું છે.

ઉશનસે "આર્દ્રા" :૧૯૬૧: માં આપણી આ એક પ્રજાકીય મર્યાદા પ્રત્યેની જાગરૂકતા જુદી રીતે દર્શાવી છે:

"તેજમૂર્તિ તાત, આ એવી પ્રજા તમ વારસ,
આદર્શનો અપભ્રંશ જ્યાં છે આરસ!" :પૃ. ૬૪:

રાષ્ટ્રના જાગૃત પ્રાણના પ્રતીક શા ગાંધીજીના આદર્શોને પ્રજા તરીકે આપણે જીરવી ન શક્યાં એનો કવિ બેટાઇ અફસોસ વ્યકત કરે છે: "સંજીવની તમે દીધી, અમે ના જીરવી શક્યાં" : "વિશેષાંજલિ", પૃ. ૧૦૧: કેટલીક વખતે આદર્શોનું દેખીતી રીતે પાલન થતું લાગે, પણ એમાંની અંધભક્તિ ખુદ "ભક્તોને હાથે મહાપુરુષોનાં ખૂન" કરાવવામાં નિમિત્ત બને છે. "ભક્તોને હાથે મહાપુરુષોનાં ખૂન" એ નામના કાવ્યમાં, ગાંધીજીની ભાવનાઓનો અંધભક્તિમાં કચરઘાણ વાળીને એમનું અદ્દલ :અજોડ: "નિ:શેષ ખૂન" કરવા આપણે નથી મથી રહ્યાને, એવો સૂચક મુદ્દો ઠાકોરે ઊભો કર્યો છે. એ કાવ્યના વિવરણમાં ઠાકોરે કરેલી ટકોર ધ્યાનમા લેવા જેવી છે: "મહા-પુરુષથી આપણી ઊર્મિલ, બોલવે બહાદુર, ઊર્મિઓ અને ભાવનાઓનાં સ્વપ્ન સેવવે કવિ જેવા, અને તપોમય આચરણે કાયર લોક એવા તો દબાઇ જાય છે, તેઓ શિષ્ય થવાને સ્થાને "ભગત" જ બની બેસે છે. "જે જે જે જેકાર"ની ધૂનમાં જ બાપડા જંતૂડાં મચી પડે છે." : "ભણકાર", વિવરણ, પૃ. ૧૫, ૧૯૫૧:

ગાંધીજીના પ્રભાવે ગુજરાતી કવિતા સાહિત્યમાં વીસમી સદીના પૂર્વાર્ધનાં લગભગ પાંત્રીસેક વર્ષો દરમિયાન એક કવિતાપ્રણાલી જન્મી: ગાંધીજી-ને કાવ્યવિષય બનાવતી કૃતિઓમાં ક્વચિત્ ભાવની એકવિધતાનો અનુભવ થાય છે. ક્વચિત્ મુગ્ધપ્રશંસાનો અતિરેક પણ દેખાય છે. એમાં ભાવોદ્રેકના જેટલો કલાસંયમનો અનુભવ સર્વત્ર નથી થતો. આમ છતાં, એનું જમાપાસું આકર્ષક છે. એ કૃતિઓને સળંગસૂત્રમાં પરોવીને જોતાં આપણી સ્વાતંત્ર્યપ્રાપ્તિ-નો રોમાંચક ઇતિહાસ એમાં વણાઇ ગયેલો દેખાશે. ગાંધીજીના વ્યક્તિત્વને નિમિત્ત બનાવીને આપણી રાષ્ટ્રીય આકાંક્ષાઓ એમાં વિકસતી અને વિલસતી જણાશે. રાષ્ટ્રીયતા અને આંતરરાષ્ટ્રીયતાનું સહગામીત્વ પણ એમાં વરતાશે. વ્યવહાર અને આદર્શનું ઇષ્ટ, પણ ખરેખર તો વિરલ સંમિલન કરવાની મથામણ

એમાં દેખાશે. ગાંધીજી વિશેની કવિતા પ્રકારાંતરે, આપણી રાષ્ટ્રીય અસ્મિતા વિશેની કવિતા બની રહી છે.

ગુજરાતના કવિએ ગાંધીજીને માત્ર એક વ્યક્તિ તરીકે નહિ, પણ રાષ્ટ્રનાં અંગાગમાં વ્યાપેલી અને વિકસેલી એક મહાન શક્તિરૂપે નિહાળ્યા છે. ગાંધીજીનું ગૌરવ કરતી ગુજરાતી કવિતામાં રાષ્ટ્રના ગૌરવની તથા વિશ્વહિતદૃષ્ટિની સંલગ્નતા પ્રતીત થાય છે.

: ૨:

## દલિતપ્રેમ

ગુજરાતી કવિતામાં દલિતપ્રેમ એ ગાંધીયુગના કવિના સમાજાભિમુખ દૃષ્ટિબિંદુની સરજત છે. પતિતમાં-દરિદ્રમાં દેવ નિહાળનાર ગાંધીજીના પ્રભાવને દલિતપ્રેમની કવિતાનું જો એક મુખ્ય પ્રેરકબળ ગણી શકાય, તો બીજું પ્રેરકબળ લેખી શકાય રશિયામાં લેનિનની આગેવાની નીચે થયેલી સામ્યવાદી ક્રાંતિને. ગાંધીયુગનું સાહિત્ય ભૌમ :"અર્થલી": બનવા મથતું હતું. "આદર્શોના વ્યોમમાં કે રૂપાળી કલ્પનાઓના પ્રદેશમાં માત્ર રમણ કર્યે શું સંપ્રાપ્તિ? અંતે તો પૃથ્વીને ઉછંગે આશ્રય લેવાનો જ છે. ભમીભમીને પગ ઠારવા ને શ્વાસ લેવા અહીં આવવાનું," કવિની આવી વસ્તુદર્શીદૃષ્ટિ એને દલિતપ્રીતિ તરફ સ્વાભાવિક રીતે દોરી જાય છે. નક્કર સ્પર્શક્ષમ વસ્તુનો એનો આગ્રહ તથા "મુખે શું ભૂખ્યાને જળ બસ સિંચ્યે ટાઢક વળે?" + એવી એની વાસ્તવાભિમુખ દૃષ્ટિ - ટૂંકમાં, એની તીવ્ર જીવનલક્ષિતા ગરીબોનાં શોષણ તથા વિસંવાદી અર્થરચના પ્રત્યે દુર્લક્ષ કરવાને માર્ગે એને ભાગ્યે જ વાળી શકે.

---

\+ "મુખે શું ભૂખ્યાને જળ બસ સિંચ્યે ટાઢક વળે?
નવસ્ત્રાં અંગોને જળથી કયમ રે હૂંફ જ મળે?
દરિદ્રી નોધારાં હૃદય જળ દેખી કયમ ઠરે?" :"કાવ્યમંગલા" પૃ. ૫૦:

પીડિતો પ્રત્યેની સહાનુભૂતિ તથા પીડિકો પ્રત્યેનો અણગમો કાવ્યના એક વિષય તરીકે ભલે વીસમી સદીની બીજી પચ્ચીસીની કવિતામાં વ્યવસ્થિત રીતે પ્રવેશ્યો, પરંતુ એ આખરે તો એક માનવસહજ ભાવ છે. નર્મદયુગ તથા પંડિતયુગની કવિતામાં પીડિતપ્રેમના છુટાછવાયા પડઘા જો પડેલા જણાતા હોય તો એથી આશ્ચર્ય પામવા જેવું ન ગણાય. "આર્યોદયની ઉત્કંઠા" :૧૮૭૭: ના લેખક માહાસુખરામ નરભેરામે ખેડૂતની અવદશા માટે દુ:ખ વ્યકત કર્યું છે: "જે ખેડુતો વસ્ત્ર દેશનાં પુરાં પાડે, તે ખેડુતો નગ્ન શિયાળે મરે જ ટાડે." :પૃ. ૧૭: ખેડૂતોનાં દુ:ખો વિશે બીજા બે કવિઓએ પણ લખ્યું છે. "નિલકંઠ કવિતા" :૧૮૭૮: ના લેખકે "એક દેશી રાજના ગરીબ ખેડુતોના પોકાર" રજૂ કરેલા છે:

"અરર ઓ પ્રભૂ, આવ્ય વહાર રે,<br>
...અતિ રીબાયલાને, ઉગાર રે,<br>
કુ–અધિકારને, તું વિદાર રે."

ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ વિશેના કાવ્યમાં હરિ હર્ષદ ધ્રુવે પ્રજાની કંગાલિયતનું દુ:ખજનક ચિત્ર આપ્યું છે:

"કંગાળ ખેડુ આડે દાડે ઉપાડા શોધે ભાજીપાલો પેટ ભરવા રે,<br>
અરધાથી અદકી રૈયત એક ભોજન ન પામે પેટ પૂરતે ઉગરવા રે."+

:"કુંજવિહાર", ૧૮૯૫, પૃ. ૫:

"કાવ્યગુટીકા" અથવા સ્થિતીપ્રદર્શન" :૧૯૦૬: ના કર્તા જીહાંગીરશાહ અ. તાલેયારખાને શ્રીમંતોને કરેલા એક સંબોધનમાં ગરીબો પ્રત્યેની પોતાની હમદર્દી વ્યકત કરી છે:

---

+ પંડિતયુગના કવિ મ. ન. દ્વિવેદીની દલિતપ્રીતિનું એક ઉદાહરણ અહીં ટાંકવા જેવું છે:

"ઠ શાલ ઝૂલે અંગ એકે ત્રીશ તન નાગાં કરી,<br>
તન ટાઢ તો એ એકની પણ થાય નહિ પૂરી પરી."

:"આત્મનિમજ્જન", ૧૯૫૯, પૃ. ૬૬:

"જફા તું ગરીબની, શું સમજે ગની?
...ભુખ્યાંના ભુખની બળતી છે આંચ,
...લાંધા ને નાગાની હોય શી ખબર?
તું રાતો ને માતો, તું ખાતોપીતો,
...રૂદન ત્હારા રૃદયમાં, કરે શું અસર? :પૃ. ૬૬-૬૭:

ગાંધીયુગ પૂર્વેની કવિતામાં દીનજનવાત્સલ્યના આવા અપવાદરૂપ પડઘાઓ સાંભળવા મળે છે ખરા, બાકી, દીનજનવાત્સલ્ય એ તો ગાંધીયુગની કવિતાનું એક વિશિષ્ટ લક્ષણ છે. ગાંધીયુગમાં દલિતપ્રેમ, ગાંધીજી તથા સ્વાતંત્ર્ય સંગ્રામ વિશે કાવ્યો ન લખનાર કવિ ભાગ્યે જ મળી આવે. શ્રી ઉમાશંકરે નોંધ્યું છે એમ, "ગુલામીબંધનો તોડવાની અને ગરીબીની વિષમતા કેડવાની તમન્ના એ તે વખતે રણમાં વીર થઈને, ભમવાનો પ્રકાર હતો." :"કોડિયાં" ૧૯૫૭, પ્રવેશક, પૃ. ૧૩: આવી તમન્નામાં રાષ્ટ્રીય અસ્મિતાનું એક પ્રગટીકરણ જોઇ શકાય. પ્રજાકલ્યાણને કોઇપણ પ્રકારે લક્ષતો કવિ રાષ્ટ્રીય અસ્મિતાની જ અભિવ્યકિત કરતો હોય છે. એ રીતે, દલિતપ્રેમના કાવ્યોમાં કવિની પ્રજાસ્મિતાનું દર્શન કરી શકાય. એ પ્રજાસ્મિતાનું ગાંધીયુગના કેટલાક મુખ્યકવિઓની કવિતામાં કઇ રીતે આવિષ્કૃત થઇ છે તે હવે જોઇએ.

૧૯૨૯માં મેઘાણીએ પોતાનું પહેલું પીડિતગીત "કાલ જાગે" રચ્યું:

"જાગો જગના ક્ષુધાર્ત! જાગો દુર્બલ-અશકત!
ઇન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે."

પહેલા જ કાવ્યમાં પીડિતો તરફની ઊંડી સહાનુભૂતિ અને શોષકો તરફ ઉગ્ર રોષ વ્યકત કરવાનું કવિનું વલણ પારખી શકાય છે. પીડિતો તરફના કવિના સમભાવ પરત્વે ગાંધીજીની અસર તો જણાય જ, પરંતુ લેનિનની આગેવાની નીચે થયેલી રશિયન ક્રાંતિનો ઊંડો પ્રભાવ પણ વરતાયા વિના રહેતો નથી. મેઘાણીમાં એવી તીવ્ર જીવનલક્ષિતા છે કે કવિઓએ રચેલા પ્રણય અને પ્રકૃતિનાં ગીતો એમને જીવનદ્રોહ જેવાં જણાય છે. જીવનમાં જ જ્યાં કવિતા ન દેખાતી હોય, ધરતી પ્રભુહીન બની ગયેલી જણાતી હોય,

"અહો રાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે–" એવી સ્થિતિ હોય ત્યારે કવિ જો રસ–સુદરતાકેરી શાયરીમાં રાચે તો મેઘાણી પ્રશ્ન પૂછવાના જ:

"વસંત ક્યાં છે? કોનાં પૂજન?
ક્યાં દીઠાં ભમરાનાં ગુંજન?" :"યુગવંદના", પૃ.૭૧:

અહીં કવિ તદ્દન બીજે છેડે જઇ બેસતા લાગે છે. ક્રાંતિનો કાળ હોય કે શાંતિનો, પ્રણય અને પ્રકૃતિનાં ગીતો રચાય એ જીવનદ્રોહ નથી. પરંતુ શોષિતોનાં દુ:ખોથી કવિની આંખ એવી ઘેરાઇ ચૂકી છે કે સૌંદર્યનાં દર્શન કરવાની એ બસ ના જ પાડે છે. કવિની શોષિતો પ્રત્યેની બુલંદ પ્રીતિમાંથી સચ્ચાઇનો રણકો નીકળે છે, પણ કવિ જ્યારે "વૈશાખી દાવાનલ, આવો!" જેવા કાવ્યમાં હઠ તથા કટુતાપૂર્વક ઝનૂને ચડે છે, કે "હાલરડું" જેવા કાવ્યમાં વાચકનાં આંસુની ઉઘરાણી કરવાની પેરવી, કદાચ અભાન રીતે, કરી બેસે છે, ત્યારે કાવ્યત્વની દ્રષ્ટિએ સુભગ પરિણામ નથી આવતું. મેઘાણીના કવિમાનસમાં જેટલો ભાવોદ્રેક છે તેટલો સજીવ કલાસંયમ નથી એ મત આ પ્રકારનાં કાવ્યો વાંચતાં સાચો પડતો જણાય છે. નજરે તરી આવે એવી પ્રચારલક્ષિતા એ મેઘાણીનાં આ પ્રકારનાં કાવ્યોનો બીજો દોષ ગણાવી શકાય. દલિતપ્રેમનાં કાવ્યોની આવી કેટલીક મર્યાદાઓથી મેઘાણી સભાન હતા. એટલે જ, દલિતોનાં દુ:ખોને કવિ "કલમનો ચારો" બનાવે એ સામે મેઘાણીએ "એકતારો"માં

"વેચશો મા, મને વેચશો મા,
તમે કવિઓ ને લેખકો, વેચશો મા!"

–કાવ્યમાં પોતાની નાપસંદગી વ્યક્ત કરી છે.

શ્રીધરાણીની કવિતામાં વાસ્તવાભિમુખતા છે, પરંતુ સમકાલીનોની ક્યારેક જુગુપ્સાભરી વિગતોની રજૂઆતમાં રાચતી લાગતી વાસ્તવલગની એમની કવિતામાં નથી, એવું શ્રી ઉમાશંકરે "કોડિયા"ના પ્રવેશકમાં ઉચિત રીતે નોંધ્યું છે. શ્રીધરાણીનો દલિતપ્રેમ "સ્વરાજ્યરક્ષક", "કંગાલને", "ધૂમ્રગાથા", "પૂજારી" ઇ. કૃતિઓમાં વ્યક્ત થયો છે. શોષિતોની સ્થિતિનો

ચિતાર શ્રીધરાણી આવી રીતે આપે છે:

"સ્ત્રીઓ તણાં વસ્ત્ર વણેલ મેશનાં,
..ને માળખાં શોષિત દુ:ખ-ઢાંકણે." :પૃ. ૨૧૪-૨૧૫:

કંગાલ કહેવાતા લોકો કોઇની દયા ઉપર જીવે, કંગાલિયત એમને કોઠે પડી જાય એવી સ્થિતિ કવિને નાપસંદ છે. કંગાલને કવિ કરાલ બનાવવા ઇચ્છે છે. કંગાલની નિશ્ચેષ્ટતા કવિને બેચેન બનાવે છે:

"કંગાલ, ઓ કંગાલ!
થા કરાલ:
...પ્રકોપનો ન કાં ચડે જુવાળ ઓ, તને?" :પૃ. ૨૬૫:

કંગાલોમાં તેજસ્વિતા, સ્વમાનશીલતા તથા કરાલતા પ્રગટવી જોઇએ એવી ગાંધીયુગની ભાવના, લલિત જેવા ભૂતકાળના કવિઓની શ્રીમંતોને દયાર્દ્ર કરવાની વૃત્તિથી, તદ્દન જુદી પડે છે.[૧૬] શ્રીમંતોની સહાનુભૂતિ જાગૃત કરવા લલિતજી આ રીતે મથ્યા હતા:

"ધા સુણજો, રે દુ:ખિયાંની! વ્હાલાં! બંધુ બનિયે!
એનાં બેલી બનિયે રે, દુ:ખાંને સંભાળિયે!
...દીનને વ્હારે, દયાસાગર રેલિયે..." :"લલિતનો લલકાર" પૃ. ૩૭-૩૮:

એમના જમાનાને અનુરૂપ લલિતજીનો આ લલકાર. પરંતુ જમાને જમાને ભાવના-ઓ કેવી બદલાતી રહે છે તેનું નિદર્શન નીચેની ગાંધીયુગીન પંક્તિઓમાંથી મળી રહેશે:

"દરિદ્રારણ્યથી રે હા દાવાનળ ભભૂકશે,
સુખિયાં હર્મ્યવાસીઓને ચણાની જેમ ભુંજશે,
ગુંજશે કારમાં ગીતો, સોણલાં મિષ્ટ ભાંગશે,
જાગેલું સત્ત્વ સૃષ્ટિનું ના પછી ભીખ માગશે."[૧૭] :"વસુધા" પ્ર. આ. ૧૯૩૯, પૃ. ૨૪:

સુખિયાં હર્મ્યવાસીઓની દયાર્દ્રતા પ્રગટાવવાની ભૂતકાળની વૃત્તિથી સુંદરમ્‌ની ઉપર્યુક્ત પંક્તિઓમાંનો ક્રાંતિ માટેનો પડકાર તદ્દન જુદો પડી આવે છે, તે ઉઘાડું છે. પીડાએ પ્રજ્વળતા દલિત ઉરોની સહનશક્તિ ખૂટી અને લોક-

લોકપ્રકોપ ભભૂકી ઉઠયો તો દુર્બળનું દમન કરતા પૃથ્વી હૃદયે "પદો ગર્વે રોપી" ઊભેલા પહાડો- સત્તાધીશો, શોષકો, કાળનો કોળિયો બનીને પાતાળજઠરે પચી જશે એવો "લોકપ્રકોપ"નો દુર્ધર્ષ પ્રભાવ કવિ પૂજાલાલે દર્શાવ્યો છે. :"લોકપ્રકોપ", પૃ. ૧૪૪, "પારિજાત":

સુન્દરમે દલિતપ્રેમ વિશેનાં કાવ્યોનો સંગ્રહ "કોયા ભગતની કડવી વાણી" નામે આપ્યો છે. એમાંનાં કેટલાંક સારાં કાવ્યો "કાવ્યમંગલા"માં પણ મૂકાયાં છે. પીડિતો પ્રત્યે કવિને અંતરની સાચી સહાનુભૂતિ છે. એ સહાનુભૂતિના એક પ્રેરકબળ તરીકે કવિના વાસ્તવ જીવનના અપરોક્ષ સંપર્કને લેખી શકાય. દલિતપ્રેમનાં કાવ્યોમાં પીડકોની શોષકવૃત્તિ વિશેનીકવિની કડવાશ સ્પષ્ટ રીતે દેખાઇ આવે છે, પણ તે એક કવિહૃદયની કડવાશ છે અને જીવન તરફના તંદુરસ્ત દૃષ્ટિકોણમાંથી એ જન્મી છે. સુન્દરમ્‌ની કવિતામાં વિસંવાદી સમાજરચના સામે કે ખુદ ઇશ્વર સામે જે કટાક્ષમિશ્રિત રોષ દેખાય છે એ વિધેયાત્મકરૂપનો છે, નકારાત્મક સ્વરૂપનો નથી, અને માટે જ કવિતાની એ મૂલ્યવાન સામગ્રી બની શકે છે. જેમ "સોની તાવે શુધ્ધ સુવરણ કરવા" :"કડવીવાણી": એમ, સંસારવ્યવહારની તાવણી કરવા માટે કવિએ કડવીવાણી ઉચ્ચારી છે. "કડવીવાણી"માં કોયા ભગતની ઇશ્વરને તડ અને ફડ સંભળાવી દે છે. ભગવાનના રાજ્યમાં સૌ સરખાં હોય તો એની રચેલી દુનિયામા અસમાનતા શાને? "હરિ, તારાં વગિયાં આવાં કેમ ચાલે?""ભૂખ્યાં તજી ધરાયાને આલે?" એવો પ્રશ્ન કવિ પૂછે છે. ગાંધીયુગનાં ઇશ્વર વિષયક આવાં કેટલાંક કાવ્યોમાં કવિઓનો દલિતપ્રેમ પણ વણાઇ જતો માલૂમ પડે છે. શ્રીધરાણીનું "પૂજારી, પાછો જા!" માણેકનું "હરિનાં લોચનિયાં" વ. એનાં ઉદાહરણો છે.

ગરીબોની યાતનાથી કવિહૃદયમાં દર્દ થાય છે, પણ એ દર્દને દંશીલા રોષરૂપે વ્યક્ત કરવાને બદલે, "વેરણ મીંદડી" કાવ્યમાં કર્યું છે એમ, કલાસૂઝપૂર્વક હાસ્યનો વિભાવ કવિ આપી શકે છે. દીનજીવનની ઘેરી કરુણતા પ્રત્યે "૧૩-૭ની લોકલ"માં કર્યું છે એમ, કવિ હળવી પરંતુ મર્માળ રીતે ઈંગિત કરી શકે છે. મેઘાણીએ દલિતપ્રેમની કવિતાનું જે ભયસ્થાન બતાવ્યું છે - એ કવિતા કાં ગાળોનો કોષ બની જાય, કાં વેવલાઇની રુદનિકા બની

જાય – તેનાથી સુંદરમ્‌ની કવિતા પર રહી છે. પીડિતપ્રેમનાં કાવ્યોમાં સુંદરમે પક્ષિલ સંકુચિતતા દાખવી નથી. પીડિતોને ન્યાય કરવાના ઉત્સાહમાં સમાજના ભદ્રિક ગણાતા વર્ગ તરફ કવિને અસમભાવ હોવા છતાં એને કવિ અન્યાય કરી બેસતા નથી. એમની કવિતામાં પીડિતવર્ગ સર્વગુણસંપન્ન બની જતો નથી અને પીડકોનો વર્ગ સર્વદૂષણયુક્ત નહિ. પીડિતો તરફનો એમનો પક્ષપાત જણાય છે. કેટલીક વાર જીવનનાં વિસંવાદનાં, કલેશકારુણ્યનાં, કેવળ તટસ્થતાપૂર્વક ચિત્રો આપીને કવિ ખસી જાય છે. ઉદાહરણ તરીકે, "ભગડી", "પાંદડી", "ત્રણ પાડોશી" ઇ. કાવ્યો. "ફરંદાં, ભમતાં, ભૂખ્યાં અકિંચન ચ નિર્ગૃહી" તથા રસ્તે રઝળતાં ઈંટાળાં જેવાં દલિતોને "કો ભવ્ય આલય"માં રૂડી પેરે ગૂંથી લેવાની મનોકામના સુંદરમે વ્યકત કરી છે. "૧૩-૭ની લોકલ"માં જીવતી દીનતાનું કરુણ વાસ્તવિકતાથી ભરેલું હૃદયસ્પર્શી ચિત્ર માત્ર સુંદરમે આપ્યું છે. મેધાણીનાં પીડિતો વિશેનાં કાવ્યોમા અંતરમાંથી સ્ફુરેલી બળબળતી સહાનુભૂતિ દેખાય છે, પણ એમા ક્વચિત્ દેખાતી પક્ષિલતા, હઠ અને "સેન્ટીમેન્ટાલિઝમ"ને કારણે એ કાવ્યો સુન્દરમનાં સજીવ કલાસંયમયુકત દલિત-પ્રીતિનાં કાવ્યોની હરોળમાં બેસી શકે એવું જણાતું નથી.

ગાંધીયુગના એક પ્રમુખ કવિ ઉમાશંકરનાં દીનજનવાત્સલ્યનાં કાવ્યોમાં કવચિત્ ક્રાંતિની ઉગ્રતાના ભાવનો અનુભવ થાય છે. ચારે બાજુ ખેલાતી "દરિદ્રની ઉપહાસલીલા"જોઇને પ્રજ્વલિત થઇ ઉઠેલા કવિના રોષની આંચ નીચેની પંક્તિઓમાં અનુભવાય છે.

"ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે,
ખંડેરની ભસ્મકણી ન લાધશે !" :"ગંગોત્રી"પૃ. ૩૦:

બહુજનસમાજની જીવનની તદ્દન પ્રાથમિક જરૂરિયાતો જ્યારે સંતોષાઇ ન હોય ત્યારે પ્રજાનો અલ્પવિભાગ ચંદનવાટિકાઓ ક્રીડાંગણો અંબરચુંબી મંદિરો રચ્યાં કરે અને એમાં રાચ્યાં કરે એ પરિસ્થિતિ કવિને અસહ્ય લાગે છે.
Sufficiency for all before there is superfluity for some,
એ કવિનું વિચારબિંદુ છે. દેશ સમસ્તને વસ્ત્રો પહેરાવનાર શ્રમજીવીઓને જ પહેરવાં પૂરાં વસ્ત્રો ન મળે, એમની સ્ત્રીઓને એક માત્ર વસ્ત્રે નિભાવવું પડે

અને દેશની "પાંચાલીઓ"નું વસ્ત્રાહરણ કરનાર દુ:શાસનો જ એ સૌ ઉપર શાસન કરે એ સાંખી લેવા જેવી પરિસ્થિતિ કવિને લાગતી નથી:

"સહસ્ત્ર એ વસ્ત્ર સ્વરક્ત મૂલવ્યાં,
ડિલે તમારે થકી ખેંચી ખેંચી
દુ:શાસનો શાસી રહયા તમોને
પાંચાલીઓ! કયાં લગ સાંખશો હજી?" : "નિશીથ", ૬૪:

ઉમાશંકરની કવિતામાં એક બાજુથી "ઘરે ઘરે વીર ગાંધી જગાવો, બારણે બારણે બુધ્ધ" : "ગંગોત્રી" પૃ. ૨૭:- એ ભાવ દેખાય છે, તો બીજી બાજુથી બુભુક્ષિતોની ક્રાંતિ માટેની ચાહના વ્યક્ત થાય છે. અહીં જોઇ શકાશે કે અંગ્રેજો સામે રાજકીયક્ષેત્રે લડવામાં શાંતિ સમતા નિર્વૈરવૃત્તિનું પ્રબોધન કરનાર આપણા કવિઓ આર્થિકક્ષેત્રે થતી શોષણખોરીની ઘટના પ્રત્યે, રા. વિ. પાઠકના શબ્દો પ્રયોજીને કહીએ તો "ચોખ્ખી શાપની અને તિરસ્કારની" વાણી ઉચ્ચારે છે. રાજકીય તથા આર્થિક ગુલામીમાંથી મુક્ત થવાની પ્રેરણા આધુનિક રાષ્ટ્રવાદમાંથી મળી છે. પરંતુ રાજકીય તથા આર્થિકક્ષેત્રે સમાનતા પ્રસ્થાપિત કરવા માટે આપણો કવિ બે અલગ અલગ દષ્ટિકોણો લઇને જતો હોય એવું લાગે છે. રાજકીય ક્ષેત્રે અહિંસાત્મક સત્યાગ્રહનું સાધન શ્રધ્ધાપૂર્વક સ્વીકારનાર કવિ, "શ્રમિકો ખમી ખાવ, શોષકો પ્રત્યે નિર્વૈરવૃતિ રાખો, આખરે માર્ગભૂલેલા એ પણ આપણા બંધુઓ છે, એમનો હૃદયપલટો કરાવવો જ રહયો, સમતા જાળવો, કાળક્રમે બધાં રૂડાં વાનાં થશે", એવી રૂપાળી સલાહ આપવાને બદલે, વિકરાળ સ્વરૂપ ધારણ કરીને ક્રાંતિના મશાલચી થવાનું સીધું આમંત્રણ શ્રમિકોને આપી બેસે છે.

રાષ્ટ્રયજ્ઞની જ્વાલાઓ ભભૂકતી રાખવા માટે પ્રસંગ પડયે જેમાં હિંસાને પણ સ્થાન હતું એ લડાયક રાષ્ટ્રવાદ : મીલીટન્ટ નેશનાલિઝમ: ગાંધીજીના આગમન પછી રાજકીયક્ષેત્રે એક આદર્શ તરીકે એકંદરે સ્વીકારપાત્ર નહોતો રહયો. પરંતુ આવું લડાયક મનોવલણ પ્રજામાંથી સદંતર અદૃશ્ય બને તે અશક્ય જ ગણાય. રશિયન સમાજવાદની અસરથી પરિપુષ્ટ થઇને એ લડાયક રાષ્ટ્રવાદનું, ગાંધીયુગના મુખ્ય કવિઓના શોષિતો પ્રત્યેના ખામોશીભર્યા

નહિ પણ પ્રસંગ પડયે પ્રહાર કરવાને તત્પર એવા ઉત્કટ સમભાવરૂપે એક જુદું જ આવિષ્કરણ થયેલું હોય, એમ સંભવિત ન માની શકાય?.. દેશબાંધવો -ને ગરીબીની ગુલામી વેઠવી પડે એ સ્થિતિ સામાજિક સમાનતા ધરાવતા ગાંધીયુગના કવિને કઠે તો ખરી જ; વધારામાં, ગરીબીની ગુલામીનો એ ભરડો રાજકીય પારતંત્ર્યની અવસ્થામાં સહવાનો હતો તે કારણે એ બેવડો કઠોર લાગ્યો હશે. એટલે જ, ગાંધીયુગનો કવિ જ્યારે શોષિતોની યાતનાઓ માટે શોષકોને -સ્થાપિત હિતોને પડકારે છે ત્યારે એ પડકાર એના એક અંશમાં, રાષ્ટ્રને ગુલામીનાં બંધનોમાં જકડી રાખનાર, મોટા સ્થાપિત હિત સમી વિદેશી સલ્તનત સામે પણ કરાયો છે, એમ સમજવું જોઇએ.

હવે, અંતરની આરતપૂર્વક "અન્ન વિના અડવડતા", "દરિદ્ર", દુર્બળ દીન, અછૂતો" વિશે લખનાર શ્રી માણેકની દલિતપ્રેમની કવિતાની વાત કરીએ. ૧૯૪૭માં આપણા દેશને રાજકીય આઝાદી મળી. પરંતુ જે રીતે રાજકીય વિષમતાને આપણે નાબૂદ કરી શકયા છીએ, તે રીતે આર્થિક જીવનની વિષમતાને નષ્ટ કરી શકયા નથી. એ કારણે, દીનદલિતો વિશે આઝાદીપૂર્વે લખાયેલાં કાવ્યો, જ્યાં એ પ્રચારવેડા તથા ફેશનપરસ્તીમાં નથી સર્યાં ત્યાં, આજના સંદર્ભમાં ભાવોદ્દીપન કરી શકે એટલાં વાચનક્ષમ રહયાં છે. માણેકનાં "હરિનાં લોચનિયાં" તથા "જય જગનાથ" કાવ્યોનાં ભાવચિત્રો આજે ય વાસી જણાશે નહિ.

ઇશ્વર જાણે કે એણે રચેલી સૃષ્ટિને વિસરી ગયો છે, એ સાતમે સ્વર્ગે પોઢી ગયો છે ને જગતમાં અન્યાયલીલા ચાલવા દે છે, એવું નિરૂપણ માણેકનાં દલિતપ્રેમનાં કાવ્યોમાં કેટલીકવાર થયેલું હોય છે. દલિતપ્રેમનાં માણેકના કાવ્યોમાં ચમકતાં કટાક્ષવચનોમાં દૂણાયેલા ચિતની કોઇ બૂ આવતી નથી. સ્વસ્થ મનોદશામાંથી એમની સહેજ કરડી પણ નરવા વિનોદ વાળી કટાક્ષદૃષ્ટિ પ્રગટેલી છે:

"ડુંગરટોચે દેવ વિરાજે, ખીણમાં ખદબદ માનવકીટ,
પરસેવે લદબદ ભગતો ને પ્રભુમસ્તક ઝગમગત કિરીટ!
જય જગનાથ! જય જગનાથ! :"આલબેલ, પૃ. ૧૦૯:

કવિ સ્નેહરશ્મિએ માનવતાપ્રેમથી પ્રેરાઇને "અર્ધ્ય"માં "બાળમજૂર", "દૈન્ય", "વણકરોનું ગીત", "યુગ-પલટો", "ધોબીનું ગીત", "ઉપણસી" એવાં શોષિતો પ્રત્યેના સાચા સમભાવવાળાં કાવ્યો રચ્યાં છે. "પનઘટ"-મા "જનતા" તથા "ઘડાતા ઇતિહાસનું એક પાનું" માં વિશાળ જનસમુદાય સાથેનું કવિચિત્તનું થયેલું સહાનુભૂતિભર્યું અનુસંધાન વરતાય છે.

કશા પ્રચારાત્મક આવેશમા સર્યા વિના દલિતપ્રેમની કલાત્મક કાવ્ય-કૃતિઓ કઇ રીતે રચી શકાય એનાં કેટલાંક ઉદાહરણો દેશળજીના "રામરામ" :"ઉત્તરાયન":, મનસુખલાલ ઝવેરીના "નોકરી" :"આરાધના": ઇ. કાવ્યોમાંથી મળશે.

ગાંધીયુગના કવિને શોષિતો તરફ ન્યાયભાવના છે, પણ એના પ્રગટી-કરણ દ્વારા શોષિતોને અહેસાનમંદ કરવાની એની કોઇ વૃત્તિ નથી; એ શુધ્ધ ન્યાયવૃત્તિ જ છે. દલિતપ્રેમનાં કાવ્યો વાંચતાં બીજું એ સૂઝે છે કે આઝાદીના આગમન પૂર્વે જ આપણા કવિઓ સમાજવાદ વિશે વિચારતા થઇ ગયા હતા.

ગાંધીયુગના કવિઓના કાવ્યવિષયની પસંદગીની તરેહ લગભગ નક્કી થઇ ગઇ છે. પ્રણય, પ્રકૃતિ, દેશપ્રીતિ, દલિતપ્રીતિ, વિશ્વબંધુત્વ ઇ. વિષયો વિશે રચાયેલી કૃતિઓ કોઇપણ કાવ્યસંગ્રહમાં મોટેભાગે મળવાની. સમયને આટલે ગાળે જોતાં, ગાંધીયુગનાં દલિતપ્રેમનાં કાવ્યોનું પણ એક માળખું બંધાઇ ગયેલું દેખાય છે. વાચકોની સહાનુભૂતિ જાગૃત કરવાની લગભગ એકવિધ પધ્ધતિ એમાં આજે વરતાયા વિના નહિ રહે. મજૂરોનું શોષાતું ગરમ લોહી, પેટનો વણપૂરાયેલો રહેતો ખાડો, ધૂળના ફાકા, મીલનાં કાળાં ભૂંગળાંમાંથી નીકળતા ધૂમાડાના ગોટા, રોટી રળવા માટે કરવા પડતા કાળા ઉજાગરા, તાવથી તૂટતું શરીર, ખાંસી ખાતું બાળક, લોહીના બળખા, લથડિયાં ખાતી નારીનો સોંઘો બનેલો દેહ – દલિતપ્રેમનાં કાવ્યોમાં આ બધું જુદા જુદા સ્વાંગમાં અથડાયાં કરે છે. શ્રી. ઉમાશંકરે ગાંધીયુગની કવિતાની એક મર્યાદા વિશે વિચારપ્રેરક ટકોર કરી છે: "માત્ર મજૂર, શ્રમમાહાત્મ્ય, નરનારી સમતા, ગમે તે વિષયને કાવ્યમાં આગંતુક

રૂપમાં પ્રવેશ કરાવવાથી તો જૂની પ્રણાલિકાના કવિઓ ચંદ્ર, તારા, કમલ, મૃગી મદિરાક્ષી, એ તત્વોને જોરે કાવ્યતત્વ સિધ્ધ કરવા જતા એના જેવો જ દેખાવ થશે."[૧૮]

શ્રી. ઉમાશંકરે ચીંધેલી ઉપર્યુક્ત મર્યાદા વિશે આપણા કેટલાક કવિઓ અભાન નહોતા. કવિમાં ખપવા અર્થે ફેશનપરસ્ત બનીને, દલિતપ્રેમના વિષયને વટાવી ખાવાની ગાંધીયુગીન કવિવૃત્તિ સામે મનસુખલાલ ઝવેરીએ કટાક્ષ કર્યો છે:

"ને મારા નેણની પાસે ઉતારો ત્યાં થઇ ખડી,
દલિતો, શોષિતો કેરી આવતી ઠેરઠેરથી.
(:કવિની પ્રતિભા કાજે અહો! મ્હેફિલ શી ખડી!:)"
:"આરાધના", પૃ. ૮૮:

ગાંધીયુગનો કવિ પોતાની સામે જ પોતાને ભોગે વિનોદ કરી શકે છે, એને એની જાગરૂક તટસ્થ દૃષ્ટિનું એક ઉદાહરણ ગણી શકાય. ગતાનુગતિક રાહે લખાયેલાં દલિતપ્રેમનાં કાવ્યો વિશે આવો એક સરસ કટાક્ષ શ્રી ઇન્દુલાલ ગાંધીના "ગોરસી" કાવ્યસંગ્રહની "ગુલાબજાંબુ ખાતાં ખાતાં" એ કૃતિમાં પણ થયેલો છે:

૧૯મી સદીના પુનર્જાગૃતિકાળના વિચારકો જીવનને નિ:સાર માનવાના વલણનો વિરોધ કરતા થયા હતા. ઇશ્વરશ્રધ્ધાને નામે પોષાતા આંધળા પ્રારબ્ધવાદને નેસ્તનાબૂદ કરવા એ સૌ મથતા હતા. દરિદ્રોમાં દરિદ્રનારાયણ-નાં દર્શન રાષ્ટ્રને સર્વપ્રથમ કરાવનાર સ્વામી વિવેકાનંદ જ કહેતા હતા કે પરલોકમાં સુખ આપવાના બહાને ઇહજીવનમાં જે ઇશ્વર મને રોટીથી વંચિત રાખે છે, જે ઇશ્વર વિધવાઓનાં આંસુ લૂછવાને તથા માબાપવિહીન બાળકોનાં મુખમાં અન્નનો દાણો મૂકવાને અસમર્થ છે, તે ઇશ્વર વિરુધ્ધ સંઘર્ષ કરવો એ મારા જીવનનું પરમ ધ્યેય છે.[૧૯] સુન્દરમ્ તથા મેઘાણીનાં દલિતપ્રીતિનાં કાવ્યોમાં ઇશ્વર સામે જે પડકાર છે તે આ પ્રકારનો છે. નાસ્તિકતામાંથી એ જન્મેલો નથી. એ ઇશ્વર સામેનો નહિ પણ જીવનને દીનદરિદ્ર રાખનાર અકર્મણ્યતા તથા વિષમ સમાજરચના સામેનો પ્રહાર છે.

જીવનમાં કર્મણ્યતાનો આગ્રહ તો પુનર્જાગૃતિકાળના આરંભથી જ સેવાતો હતો. પરંતુ કર્મણ્યતાનો જબરો પ્રવાહ વહ્યો ગાંધીયુગના જનજીવનમાં. પ્રજાજીવનમાં પરાક્રમભાવ આવ્યો. અન્યાયને ખમી ખાવાની નહિ, પણ અન્યાયને મક્કમતાપૂર્વક પ્રતીકારવાની વૃત્તિ જાગી. શોષકોની ગૃધિષ્ણુતા માટે પુણ્યપ્રકોપ જાગ્યો. જીવનમાં જાગેલ આ કર્મણ્યતા, પરાક્રમભાવ, અન્યાયપ્રતિકારવૃત્તિ, ઇ. ને કારણે દીનદલિતોની નિશ્ચેષ્ટતા – જીવનમાત્રની નિશ્ચેષ્ટતા, ગાંધીયુગના કવિને કઠે, એને નેસ્તનાબૂદ કરવાનો એનો સંકલ્પ બંધાય અને કંગાલને કરાલ બનવાનું આવાહન એ આપતો થઇ જાય, તે સ્વાભાવિક ઘટનાઓ લાગે છે. રાષ્ટ્રની તેમજ વિશ્વની પલટાયેલી વ્યવહાર સૃષ્ટિ તથા ગરીબોના આર્થિક શોષણનું સ્પષ્ટ થયેલું સ્વરૂપ, અલબત્ત, આવી કાવ્યરચનાઓ માટે કારણભૂત તો ખરાં જ.

ગાંધીયુગની દલિતપ્રેમ વિશે રચાયેલી સંખ્યાબંધ કૃતિઓમાંથી ઘણી તો કાલગ્રસ્ત થાય એવી છે – થયેલી જ છે. પરંતુ સ્વકીય કાવ્યબળના કારણે આજે પણ ટકી શકે એવી, થોડી કૃતિઓ મળે છે. શુધ્ધ માનવતાવાદી દ્દષ્ટિકોણથી પ્રેરાયેલી એમાંની સાચી કવિતા આજે ય આસ્વાદ્ય બને એવી છે.

---

## સંદર્ભ તથા પાદનોંધ


૧. "સાહિત્યવિચાર", પૃ. ૬૦, આ. બા. ધ્રુવ

૨. "રાજા રામમોહનરાયથી ગાંધીજી" પૃ. ૩૪, મ. પ્ર. દેસાઇ

૩. એ જ, પૃ. ૩૫

૪. એ જ, પૃ. ૩૫

૫. "બંકીમ – તિલક – દયાનંદ" પૃ. ૩૭, શ્રી અરવિંદ

૬. એ જ, પૃ. ૭

૭. "નિરીક્ષા," પૃ. ૨૫૬, ઉમાશંકર જોશી

૮. કવિ લલિતની નોંધ પ્રમાણે એ કાવ્ય તા. ૧૧-૧૧-૧૯૧૩ના રોજ રચાયું તથા ૧૨-૧-૧૯૧૪ના "ગુજરાતી"માં પ્રસિધ્ધ થયું.

૯. ગાંધીજીના યુગપુરુષપણાને આર્ષદ્રષ્ટિપૂર્વક ઓળખી શકનાર કવિ ન્હાનાલાલ, ગાંધીજી સાથે ઊંચું મન થતાં, ગાંધીજીથી વિખૂટા પડયા. "ગુજરાતનો તપસ્વી" લખનારે "સોહાગણ": ૧૯૪૦: માં અસહકારના નાદને ઢોલ-ગર્જના સાથે સરખાવ્યો તથા "તાળીઓના તાન"માં નાચતા અસહકારના રાષ્ટ્રીય સંગ્રામના વીરને : કે પછી ગાંધીજીને જ?: "નટવો નધરોળ" કહેલ. વિશેષ માહિતી માટે જુઓ ર. વ. દેસાઇકૃત "ગુજરાતનું ઘડતર", પૃ. ૩૧૨.

૧૦. ખબરદારે ગાંધીજીવિષયક બે સ્વતંત્ર કૃતિઓ રચી છે: "ગાંધીબાપુનો પવાડો": ૧૯૪૮: તથા "ગાંધીબાપુ": ૧૯૪૮: પવાડામાં "ગાંધીજીના જીવનચરિત્રની બની શકે તેટલી સંપૂર્ણ તારીખ વર્ષવાર નોંધથી રેખા દોરી છે": ખબરદારની પ્રસ્તાવના: આરંભમાં, ગાંધીજીનાં ગુણગાન ગાઇને કવિએ ગાંધીજીના જન્મથી અવસાન સુધીના મુખ્ય બનાવોની રેખા પ્રસ્તુત "હિસ્ટોરિકલ બેલેડ"માં દોરેલી છે... ગાધીજીના જીવનકાળ દરમિયાન તથા ગાંધીજીના મૃત્યુ પછી લખાયેલાં ગાંધીવિષયક ૩૧કાવ્યોને "ગાંધી બાપુ"માં ખબરદારે સાથે મૂકયાં છે.

૧૧. જુઓ -૫, પૃ. ૧૫.

૧૨. એ જ, પૃ. ૨૪-

૧૩. "નિરીક્ષા", પૃ. ૨૫૬

૧૪. "થોડા વિવેચનલેખો" પૃ. ૨૬૪, મનસુખલાલ ઝવેરી

૧૫. "ગાંધી-કાવ્ય-સંગ્રહ" : ૧૯૪૯: નામે જ એક બીજું સંપાદન શ્રી. વિનોદ ગાંધીએ તૈયાર કર્યું છે. વિવેકદ્રષ્ટિવિના તૈયાર કરાયેલું એ એક સામાન્ય સંપાદન છે.

૧૬. "અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણો", પૃ. ૧૬૫, રા. વિ. પાઠક

૧૭. "વસુધા"ની પ્રથમ આવૃત્તિ, ૧૯૩૯- ની ઉમાશંકરના "જઠરાગ્નિ"ની યાદ પ્રેરતી આ પંક્તિઓને પછીની આવૃત્તિઓમાં, કદાચ એમાં સ્પષ્ટ-રીતે દેખાતા રોષ, તિરસ્કાર અને શાપના ભાવને કારણે તથા શ્રી અરવિંદના જીવનદર્શનના સ્વીકારને કારણે કવિએ રદ કરેલી છે.

૧૮. "શૈલી અને સ્વરૂપ" પૃ. ૨૨૨, ઉમાશંકર જોશી
૧૯. "સંસ્કૃતિકે ચાર અધ્યાય" પૃ. ૫૯૯ ઉપર અવતરિત, રામધારી સિંહ, "દિનકર".